# નમુનો નંબર ૨૩ (નિયમ ૧૦૬ મુજબ ઠરાવેલ)

**"કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નો સારાંશ"**

*(કારખાનાના મુખ્ય દ્વાર પર અથવા તેની નજીક સહેલાઈથી દેખી શકાય તેવા અનુકુળ સ્થળે ચોંટાડવો.)*

## અર્થઘટન

"કારખાનું" એટલે કોઈ મકાન તથા તેની સ્થળ હદ----

(૧) જેની અંદર દશ અથવા વધારે કામદારો કામ કરતાં હોય અથવા અગાઉના બાર મહિનામાં કોઈ દિવસે દસ અથવા વધારે કામદારોએ કામ કર્યું હોય અને તેના કોઈ ભાગમાં શક્તિની મદદથી ઉત્પાદનની પ્રક્રિયા ચલાવવામાં આવતી હોય અથવા સાધારણ રીતે એવી રીતે ચાલતી હોય, અથવા

(૨) જેની અંદર વીસ અથવા વધારે કામદારો કામ કરતા હોય અથવા અગાઉ બાર મહિનામાં કોઈ દિવસે વીસ અથવા વધારે કામદારોએ કામ કર્યું હોય અને તેના કોઈ ભાગમાં શક્તિની મદદ સિવાય ઉત્પાદનની પ્રક્રિયા ચલાવવામાં આવતી હોય અથવા સાધારણ રીતે એવી રીતે ચાલતી હોય,

પણ તે સજ્ઞામાં ખાણ અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨નો ૩૫મો) લાગુ પડતો હોય તેવી ખાણનો અથવા રેલવે રનિંગ શેડનો સમાવેશ થતો નથી.

"કામદાર" એટલે કોઈ ઉત્પાદન પ્રક્રિયામાં અથવા ઉત્પાદન પ્રક્રિયા માટે વાપરવામાં આવતા યંત્રનો અથવા મકાનનો કોઈ ભાગ સાફ કરવામાં અથવા ઉત્પાદન પ્રક્રિયાને આનુષાંગિક હોય અથવા તેની સાથે સંબંધ હોય અથવા જે પદાર્થ ઉપર ઉત્પાદન પ્રક્રિયા થતી હોય તેવા બીજા કોઈ પ્રકારના કામમાં સીધી રીતે અથવા કોઈની મારફતે કામે રાખેલી વ્યકિત, પછી તેને વેતન આપવામાં આવતું હોય કે નહિ તેની હરકત નહિ.

"ઉત્પાદન પ્રક્રિયા" એટલે કોઈ વસ્તુ અથવા પદાર્થ વાપરવાના, વેચવાના, હેરફેર કરવાના, પહોંચતો કરવાના અથવા નિકાલ કરવાના કારણ માટે તે બનાવવા. તેના ફેરફાર કરવા, તે મરામત કરવા, શોભાયમાન કરવા, સફાઈદાર કરવા, પેક કરવા, તેને તેલ લગાડવા, તે ધોવા, સાફ કરવા, છુટો પાડવા, તેનો નાશ કરવા અથવા તેના ઉપર કંઈ લગાડવા, અથવા તેને અનુકુળ બનાવવાની કોઈ પ્રક્રિયા અથવા તેલ, પાણી અથવા સુવેજને પંપ કરવાની પ્રક્રિયા અથવા શક્તિ ઉત્પાદન કરવાની, તેનું રૂપાંતર કરવાની અથવા તેનું વહન કરવાની પ્રક્રિયા અથવા અક્ષર મુદ્રણ શિલા મુદ્રણ, ચિત્ર મુદ્રણ અથવા એવી કોઈ બીજી પ્રક્રિયાથી છાપવાની અથવા પુસ્તકો બાંધવાની પ્રક્રિયા, વહાણો અથવા



જલયાનો બાંધવાની, મરામત કરવાની, ફરી બેસાડવાની, સફાઈદાર કરવાની અથવા તેમના ભાગો છુટા પાડવાની પ્રક્રિયા.

## કામ કરવાના કલાકો, રજાઓ, આરામ માટેનો ગાળો વગેરે

**૧. કામના કલાકો (પુખ્ત ઉંમરની વ્યક્તિઓ) કલમો ૫૧ અને ૫૪ :** કોઈ પુખ્ત ઉંમરના કામદારને કોઈ અઠવાડિયામાં ૪૮ કલાક કરતાં વધારે અને કોઈ દિવસમાં ૯ કલાક વધારે કામ કરવાનું ફરમાવવું નહિ અથવા કામ કરવા દેવું નહિ. મુખ્ય ઈન્સ્પેકટરની પૂર્વમંજૂરીને આધીન રહીને પાળીઓની ફેરબદલી કરવામાં સરળતા રહે એ માટે દરરોજની ઓછામાં ઓછી મર્યાદા વધારી શકાશે.

**૨. કામના કલાકોમાં છુટછાટ (પુખ્ત ઉંમરની વ્યક્તિઓ) કલમ ૬૪ :** કેટલાક ખાસ કેસોમાં પુખ્ત ઉંમરની વ્યક્તિઓના કામના કલાકોની મર્યાદામાં છુટછાટ મુકી શકાશે. દા.ત. તાકીદની મરામતના કામમાં, પૂર્વ તૈયારીને લગતું અથવા પૂર્તિ તરીકેનું જે કામ કરખાનામાં સામાન્ય કામકાજ માટે જણાવેલી મર્યાદાની બહાર આવશ્યક રીતે કરવું પડે તે કામમાં જે કામ આવશ્યક રીતે એવું તૂટક તૂટક કરવાનું હોય કે કામદારો કામ ઉપર હોય કે તે વખતે જે ગાળાઓમાં તેઓ કામ કરતાં ન હોય તે ગાળાઓ આરામના ગાળાઓ કરતાં સાધારણ રીતે વધારે થાય તે કામમાં, જે કોઈ કામ તેની ક્રિયાને લગતા ટેકનિકલ કારણોને લઈને ચલાવવું જોઈએ તે કામમાં જે પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ દરરોજ બનાવવી જોઈએ અથવા પુરી પાડવી જોઈએ. તે બનાવવામાં અથવા પુરી પાડવામાં જે ઉત્પાદન પ્રક્રિયા નક્કી કરેલી મોસમો દરમિયાન હોય તે સિવાય અથવા અમુક વખતે કુદરતી બળોના અનિયમિત આધાત ઉપર રાખતા સમય સિવાય બીજા સમયે ચલાવી શકાય નહિ તે પ્રક્રિયામાં કામે રાખેલા કામદારોને એન્જિન રૂમ અથવા બોઈલર ઘરમાં અથવા પાવર પ્લાન્ટ અથવા જે યંત્રો ભાગી જવાને લીધે વર્તમાનપત્રો છાપવાની પ્રક્રિયા બંધ પડેલી હોય તેના શક્તિવાહક યંત્ર ઉપર અને રેલ્વે વેગનોમાં ભાર ભરવા તેમજ ખાલી કરવાના કામ ઉપર કામ કરતા કામદારોને તાકીદની મરામતના દાખલા સિવાય, નીચેની મર્યાદા કરતાં છુટછાટ વધવી જોઈશે નહિ-----

(૧) કોઈ દિવસમાં કામ કરવાના કલાકોની કુલ સંખ્યા દસ કરતા વધારે થવી જોઈએ નહિ.

(૨) કોઈ એક ત્રિમાસમાં ઓવરટાઈમ કામ કરવાના કલાકોની કુલ સંખ્યા ૫૦ કરતાં વધારે થવી જોઈએ નહિ.

(૩) આ સમયના ગાળા સહિત કામનું વિસ્તરણ કોઈ એક દિવસમાં ૧૨ કલાક કરતાં વધારે થવું જોઈએ નહિ.



સરકારે ઠરાવેલી શરતોને આધીન રહીને પાળીનો કામદાર ફરજ ઉપર રહેવા માટેનો રિપોર્ટ કરવાનો ચુકયો હોય અને બીજી પાળીના કામદારે પછીની પાળીનું સમગ્ર અથવા તેના ભાગનું કામ કરેલું હોય તેવા કેસોમાં કલમ ૬૪ની પેટા-કલમ (૪)ના ખંડો (૧) અને (૨)થી નાંખેલ નિયંત્રણો લાગું પડશે નહિ.

કોઈ કારખાનું અપવાદરૂપ કામના દબાણને પહોંચી વળે તે માટે કોઈ કારખાનામાંના પુખ્ત વયના કોઈ અથવા તમામ કામદારોના દાખલામાં કામના કલાકોની સામાન્ય મર્યાદામાં કોઈ વર્ષમાં એકંદર ત્રણ મહિના કરતાં વધારે ન હોય તેવી મુદત અથવા મુદતો માટે છુટછાટ મૂકી શકાશે.

**૩. ઓવરટાઈમ માટે વધારાનો પગાર-કલમ ૫૯ :** કોઈ કારખાનામાં કોઈ કામદાર કોઈ દિવસ ૯ કલાક કરતાં વધારે કામ કરે અથવા કોઈ અઠવાડીયામાં ૪૮ કલાક કરતા વધારે કામ કરે ત્યારે, ઓવરટાઈમના કામના સબંધમાં પોતાના પગારના સામાન્ય દરના બેવડા દરે તે પગાર મેળવવા હકદાર થશે.

**૪. દેખરેખ રાખનાર સ્ટાફને માફી-કલમ ૬૪ આ અધિનિયમનું પ્રકરણ ૬ :** પુખ્ત વયની વ્યક્તિઓના કામ કરવાના કલાકો કારખાનામાં દેખરેખ રાખવાના અથવા વહીવટ કરવાના હોદા ધારણ કરનાર અથવા નિયમસંગ્રહ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલી શરતોને આધીન રહીને ટેક્નીકલ કારણોને લીધે કોઈ કામ સતત ચલાવવામાં આવતું હોય તેવા કારખાનામાં વિશ્વાસપાત્ર હોદા પર કામે રાખેલી વ્યક્તિઓને લાગુ પડતું નથી.

**૫. અઠવાડિક રજાઓ (પુખ્તવયની વ્યક્તિઓ) કલમ ૫૨ :** કોઈ પણ પુખ્ત વયના કામદારને અઠવાડિયાના પહેલા દિવસે કામે કરવાનું ફરમાવવું નહિ અથવા કરવા દેવું નહિ સિવાય કે સદરહું દિવસની તરત જ પહેલા અથવા તરત પછીના ત્રણ દિવસો પૈકી કોઈ એક આખો દિવસ તેને રજા મળી હોય અથવા મળવાની હોય, અને કારખાનાના મેનેજરે સદરહુ દિવસે અથવા બદલાના દિવસ પહેલા. એ બેમાં જે વહેલો હોય તે પહેલા સરદહુ દિવસે અથવા તેને બદલે જે દિવસે રજા આપવાની હોય તે દિવસે કામદાર પાસે કામ કરાવવાના પોતાના ઈરાદાની એક નોટીસ ઈન્સ્પેકટરની ઓફીસમાં પહોંચતી કરી હોય અને કારખાનામાં તે જ મતલબની નોટીસ પ્રદર્શિત કરી હોય.

પરંતુ સદરહુ દિવસને બદલે એવો કોઈ રજાનો દિવસ ઠરાવવો નહિ કે જેથી કોઈ કામદારને એક આખો દિવસ રજા મળ્યા સિવાય લાગલાગટ દસ કરતાં વધારે દિવસ કામ કરવું પડે.

અઠવાડિક રજાઓને લગતી સામાન્ય જોગવાઈમાંથી માફી મળ્યાને પરિણામે કારખાનાના કોઈ કામદારને અઠવાડિક રજાઓ પૈકી રજા મળી ન હોય તે તેને જે



મહિનામાં તેની આવી રજાઓ જમા હતી તે મહિનાની અંદર અથવા તે મહિના પછીના તરતના બે મહિનાની અંદર એવી રીતે ગુમાવેલી રજા જેટલી વળતરની રજાઓ આપવી.

**૬. આરામના ગાળા (પુખ્તવયની વ્યક્તિઓ) કલમો ૫૫ અને ૫૬ :** કારખાનામાં દરેક દિવસે પુખ્તવયના કામદારોના કામનો સમય એવી રીતે ઠરાવવો જોઈએ કે તેને ઓછામાં ઓછો અડધા કલાકનો આરામનો ગાળો મળે ત પહેલાં તે સમય પાંચ કલાક કરતાં વધારે થવો જોઈએ નહિ અને કોઈ દિવસમાં તેનો આરામના ગાળા સહિત તે સમય ૧૦॥ કલાક કરતાં એકંદરે વધારે હોવો જોઈએ નહિ અથવા મુખ્ય ઈન્સ્પેકટરની લેખિત પરવાનગી મેળવી હોય ત્યારે ૧૨ કલાક કરતાં એકંદરે વધવો જોઈએ નહિ. રાજ્ય સરકારના નિયંત્રણને આધીન રહીને, મુખ્ય ઈન્સ્પેકટર, કોઈ કારખાનાને લેખિત હુકમથી અને તેમાં કારણો નિર્દિષ્ટ કરીને માફી આપી શકશે, તેમ છતાં, કામદારના કામના કલાકોની કુલ સંખ્યા કોઈ ગાળા સિવાય ૬ કલાક કરતાં વધવી જોઈશે નહિ.

**૭. બે જગાએ નોકરીનો પ્રતિબંધ કલમો ૬૧, ૭૧ અને ૯૯ :** કોઈ બાળકને અથવા અમુક સંજોગો સિવાય કોઈ પુખ્તવયના કામદારને, જે દિવસે તેણે બીજા કોઈ કારખાનામાં કામ કર્યું હોય તે દિવસે કોઈ કારખાનામાં કામ કરવાનું ફરમાવવું નહિ અથવા કામ કરવા દેવું નહિ.

જે કોઈ બાળક જે દિવસે એક કારખાનામાં કામ કરતું હોય તે જ દિવસે બીજા કોઈ કારખાનામાં કામ કરે, તો તે બાળકના માતા-પિતા અથવા વાલીને અથવા જે વ્યકિતની કસ્ટડીમાં અથવા અંકુશ હેઠળ તે હોય અથવા જે વ્યક્તિ તેના વેતનમાંથી કોઈપણ સીધો લાભ લેતી હોય, તે વ્યક્તિને એક હજાર રૂપિયા સુધીનાં દંડની શિક્ષા થશે. સિવાય ક એવા માતા-પિતા, વાલી અથવા વ્યક્તિની સંમતિ કે અનુકુળતા સિવાય તે બાળક એવી રીતે કામ કર્યુ હતું એવું કોર્ટને જણાય.

**૮. ૧૪ વર્ષની નીચેના બાળકને કામે રાખવા સંબંધમાં પ્રતિબંધ કલમ ૬૭ :** જે બાળકની ઉંમર ચૌદ વર્ષની પૂરી થઈ ન હોય તે બાળકને કોઈ કારખાનામાં કામ કરવાની ફરજ પાડવી નહિ અથવા કામ કરવા દેવું નહિ.

**૯. (બાળકોના) કામ કરવાના કલાકો કલમ ૭૧ :** કોઈ બાળકને કોઈ કારખાનામાં કોઈ એક દિવસમાં અને રાત દરમ્યાન (રાત એટલે ઓછામાં ઓછા લાંગલાગટ ૧૨ કલાકની મુદત અને તેનાં રાતના ૧૦ થી સવારના ૬ વચ્ચેના ગાળા સહિત). ૪ ૧/૨ કલાક કરતા વધારે સમય માટ કામે રાખવું નહિ અથવા કામ કરવાની પરવાનગી આપવી નહિ. કારખાનામાં કામ કરતાં તમામ બાળકોના કામનો સમય બે પાળીઓ પુરતો મર્યાદિત રહેશે. અને તે પાળી પરસ્પર આપી હોવી જોઈએ નહિ અથવા દરેક પાળી પાંચ કલાક



J L Desai Associates Mo. No.: 8000818111

કારખાનામાં શક્તિથી ચલાવવામાં આવતા અને ગોઠવેલા તમામ યંત્રમાં કોઈ ગોળ ફરતાં દોરડાં, ત્રાક, ચક્કર અથવા દાંતાવાળા પૈડા ઉપર બેસાડેલા દરેક સ્ક્રૂ, બોલ્ટ અથવા ચાવીને તે જોખમભર્યા થાય નહિ તેવી રીતે તેને ખાડામાં બેસાડવાં, ઢાંકવાં અથવા બીજી કોઈ અભયકારક રીતે સાચવવા જે કંટક યંત્ર (સ્પર) સપિંતયંત્ર (વર્મ) અને બીજા દાંતાવાળા યંત્રો અથવા ઘર્ષણના દંતચક્રો (ગિયરીંગ)ને તે જ્યારે ચાલતા હોય ત્યારે વારંવાર યોગ્ય સ્થાને મૂકવાની જરૂર રહેતી નથી. તેમને સંપૂર્ણરીતે ઢાંકવા, સિવાય કે તે સંપૂર્ણ રીતે ઢાંકવામાં આવ્યા હોય તો જેટલા સલામત ગણાત તેટલાં જ સલામત ગણાય તેવી રીતે તે આવેલાં હોય.

જે વ્યક્તિ આ જોગવાઈનું પાલન થતું ન હોય તેવું શક્તિથી ચાલતું કોઈ યંત્ર કાઈ કારખાનામાં વપરાશ માટે વેચશે અથવા ભાડે આપશે અથવા વેચનારના રાખનારના અથવા ભાડે રાખનારના એજન્ટ તરીકે વહેચશે અથવા ભાડે અપાવશે, અથવા વેચવા કે ભાડે લેવા માટે મેળવશે, તે ત્રણ મહિના સુધીની કેદની અથવા પાંચશો રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

**૨૪. રૂ સફાઈયંત્ર (કોટન ઓપનર)ની પાસે સ્ત્રીઓ અને બાળકોને કામે રાખવાનો પ્રતિબંધ-કલમ ૨૭ :** કોઈ સ્ત્રી અથવા બાળકને રૂની ગાંસડી બાંધવાના કારખાનામાં જે કોઈ ભાગમાં રૂ સફાઈ યંત્ર (કોટન ઓપનર) ચાલતું હોય તે ભાગમાં કામે રાખવા નહિ.

**૨૪-ક. ઊંચકવાના યંત્રો, સાંકળ, દોરડા અને ઊંચકવા માટેનું યંત્ર-કલમ ૨૯ :** દરેક ઊંચકવાના યંત્રના અને સાંકળ, દોરડા અથવા ઊંચકવા માટેના બીજા યંત્રના સ્થાયી અથવા ફરી શકે તેવા વર્કીંગગિયર સહિતના તમામ ભાગો, સારી બનાવટના, સંગીન પદાર્થોના અને પુરતા મજબુતાઈવાળા અને ખામીઓથી મુકત હોવા જોઈએ અને યોગ્યરીતે નિભાવવા અને દર બાર મહિને ઓછામાં ઓછી એક વખત યોગ્ય વ્યક્તિએ તેની સંપુર્ણ તપાસ કરવી જોઈએ અને આવી દરેક તપાસનું ઠરાવેલા નમુનામાં એક રજીસ્ટર નિભાવવું જોઈશે. કોઈ વ્યક્તિને ચાલતા ક્રેનના ફરતા માર્ગ ઉપર અથવા તેની નજીકની કોઈ જગાએ કામે રોકી હોય અથવા તે કામ કરતી હોય ત્યારે તેની જગાની વીસ ફુટની અંદર ક્રેન આવે નહિ એવી ખાતરી કરવા માટે અસરકારક પગલાં લેવાં જોઈએ.

**૨૫. અતિશય વજન-કલમ ૩૪ :** કોઈ સ્ત્રી અથવા નાની વયની વ્યક્તિએ બીજી વ્યક્તિની મદદ લીધા વગર નીચેની મર્યાદા કરતાં વધારે વજનવાળા કોઈ પદાર્થો, વસ્તુઓ, ઓજારો અથવા સાધનો હાથેથી અથવા માથા ઉપર ઊંચકવા નહિ, લઈ જવા અથવા ખસેડવા નહિ.



| | | | | |
|---|---|---|---|---|
| | | | | કિલો-ગ્રામ |
| પુખ્ત વયની સ્ત્રી | ... | ... | ... | ૨૯-૫ |
| તરૂણ વયનો પુરૂષ | ... | ... | ... | ૨૯-૫ |
| તરૂણ વયની સ્ત્રી | ... | ... | ... | ૨૦-૪ |
| પુરૂષ બાળક | ... | ... | ... | ૧૫-૯ |
| સ્ત્રી બાળક | ... | ... | ... | ૧૩-૩ |

**૨૬. આંખોનું રક્ષણ-કલમ ૩૫ :** પ્રક્રિયા ચાલું હોય તે દરમિયાન, તેમાંથી ઉડતા ટુકડાઓ અથવા કણીઓથી આંખને ઇજા થવાનો સંભવ હોય અથવા અત્યંત પ્રકાશ લાગવાના કારણથી આંખને નુકશાન થવાનો સંભવ હોય તે પ્રક્રિયા કરવા માટે કામે રાખેલી વ્યક્તિને માફક આવે તેવા ચશ્માં(ગોગલ્સ)ની જોગવાઈ કરવી જોઈએ.

**૨૭. આગને અંગે લેવાની સાવચેતી-કલમ ૩૮ :** દરેક કારખાનામાં કામે રાખેલી વ્યક્તિઓ માટે આગ લાગે ત્યારે નાસી છુટવાના પુરતાં સાધનો તેમાં પુરાં પાડેલા હોવા જોઈશે. કોઈ ઓરડામાંથી બહાર નીકળવાના બારણાં એક બાજુએ સરકે તેવી બનાવટના ન હોય તો તે બહારની બાજુએ ઉઘડતા હોવાં જોઈશે. સામાન્ય રીતે બહાર નીકળવાના રસ્તા તરીકે વપરાતા માર્ગ સિવાયના આગ લાગે ત્યારે નાસી છુટવા માટે વાપરવાની દરેક બારી, બારણું અથવા બીજો બહાર જવાનો રસ્તો સ્પષ્ટ રીતે સમજી શકાય તેવા ચિહ્‌ન વડે દર્શાવવો જોઈએ. કારખાનામાં કામે રાખેલી દરેક વ્યક્તિને, આગ લાગે ત્યારે ચેતવણી આપવા માટે અસરકારક રીતે અને સ્પષ્ટપણે સાંભળી શકાય તેવા સાધનો પુરાં પાડવા જોઈશે. જ્યાં ભોંયતળીયા ઉપરની કોઈ જગાએ વીસ કરતાં વધુ કામદારોને સ્ફોટક અથવા અતિશય ઝડપથી સળગી ઉઠે તેવા પદાર્થો વપરાતા હોય અથવા ભરવામાં આવતા હોય ત્યાં આગ લાગે ત્યારે નાસી છુટવાના સાધનોથી તમામ કામદારો પરિચિત છે અને આગ લાગે ત્યારે જે રીતે અખત્યાર કરવી જોઈએ તે રીતની પુરતી તેમને તાલીમ મળી છે તેની ખાતરી કરવા માટે અસરકારક પગલા લેવા જોઈએ.

**કલ્યાણ**

**૨૮. ધોવાની સગવડો-કલમ ૪૨ :** દરેક કારખાનામાં, તેમાંના કામદારોના ઉપયોગ માટે પુરતી અને યોગ્ય ધોવાની સગવડો પુરી પાડવી અને નિભાવવી તેવી સગવડોમાં સાબુ અને નેઈલબ્રસનો અથવા સ્વચ્છતા માટેના બીજા યોગ્ય સાધનોનો સમાવેશ કરવો અને તેની સગવડો સહેલાઈથી જઈ શકાય એવા સ્થળે હોવી જોઈએ અને તે સ્વચ્છ તથા વ્યવસ્થિત રાખવી જોઈએ.

સ્ત્રી કામદારોને કામે રાખવામાં આવી હોય તો તેઓ માટે અલગ સગવડો પુરી



પાડવી જોઈશે અને તે એવી રીતે બાંધેલી અને પડદાવાળી હોવી જોઈએ કે બીજી જાતિની વ્યક્તિઓ જ્યાં કામ કરતી હોય અથવા આવ-જા કરતી હોય તેવી કોઈ જગાએથી અંદરનો ભાગ જોઈ શકાય નહિ.

**૨૯. કપડાં રાખવા અને સૂકવવા માટે સગવડો કલમ ૪૩ અને નિયમો :** કેટલાક જોખમી કામોના દાખલામાં દા.ત., સીસાની પ્રક્રિયા, કાચી ખાલ અને ચામડાનો ચીકણો પદાર્થ લગાવવા અને કમાવવાના કામ વગેરેમાં કામના કલાકો દરમિયાન ન પહેરાતાં કપડાં રાખવા માટે અને ભીના કપડાં સુકવવા માટે અનુકૂળ સગવડો પૂરી પાડવી અને નિભાવવી.

**૩૦. બેસવા માટેની સગવડો-કલમ ૪૪ :** દરેક કારખાનામાં જેમને ઉભા રહીને કામ કરવાનું હોય તેવા તમામ કામદારો તેમના કામના વખત દરમિયાન આરામ માટે કોઈ તક મળે તો તેનો લાભ લઈ શકે, એટલા માટે તેમને બેસવાની અનુકૂળ સગવડો પુરી પાડવી અને નિભાવવી.

**૩૧. પ્રાથમિક સારવાર (ફસ્ટ-એઈડ)ના સાધનો અને એમ્બ્યુલન્સ રૂમ-કલમ ૪૫ :** દરેક કારખાનામાં તમામ કામના કલાકો દરમિયાન તરત મેળવી શકાય એવી રીતે, જેમાં ઠરાવેલી વસ્તુઓ રાખી હોય તેવી પ્રાથમિક સારવારની પેટીઓ અથવા કબાટો રાખવાં અને નિભાવવા. પ્રાથમિક સારવાર કરવામાં તાલીમ પામેલી અને કારખાનાના કામના કલાકો દરમિયાન હંમેશા મળી શકે તેવી અલગ જવાબદાર વ્યક્તિઓના હવાલા હેઠળ પ્રત્યેક પ્રાથમિક સારવારની પેટી અથવા કબાટ રાખવાં જોઈએ.

જે કારખાનામાં પાંચસોથી વધુ કામદારો કામે રાખેલા હોય તે દરેક કારખાનામાં ઠરાયેલા માપનો અને ઠરાયેલા સાધનો ધરાવતો એક એમ્બ્યુલન્સ રૂમ રાખવો અને નિભાવવો. આ એમ્બ્યુલન્સ રૂમ ઓછામાં ઓછી એક લાયકાત ધરાવતી નર્સ અને ઠરાવવામાં આવે તેવા બીજા સ્ટાફની સહાય મેળવતા એક લાયકાત ધરાવતા વૈદ્યકીય વ્યવસાયીના હવાલામાં રહેશે.

**૩૨. કેન્ટીનો-કલમ ૪૬ અને નિયમો :** નિર્દિષ્ટ કરેલા કારખાનાઓમાં જ્યાં સામાન્ય રીતે ૨૫૦ કામદારો કરતાં વધુ કામદારો કામે રાખેલા હોય તેમાં કારખાના કબજેદારે કામદારોના ઉપયોગ માટે કેન્ટીન અથવા કેન્ટીનો પુરી પાડવી અને નિભાવવી. કેન્ટીનમાં ખોરાક, પીણાં અને બીજી વસ્તુઓ નફો લીધાં સિવાય વેચવા અને તેના લેવાના દરો મેનેજીંગ કમિટીની મંજુરીને આધીન રહેશે. તે કમિટી મેનેજરે નીમવી અને તે કબજેદારે નીમેલી અને કામદારોએ ચુંટી કાઢેલી વ્યક્તિઓની સરખી સંખ્યાની બનેલી રહેશે. ચુંટી કાઢેલા કામદારોની સંખ્યા, કારખાનામાં કામે રાખેલા દરેક ૧,૦૦૦ કામદારો માટે ૧ના પ્રમાણમાં રહેશે, પરંતુ કોઈ સંજોગોમાં ૫ કરતાં વધારે અથવા ૨ કરતાં ઓછા



કામદારો કમિટીમાં હોવા જોઈશે નહિ. કેન્ટીનમાં આપવામાં આવતા ખાદ્ય પદાર્થની જાત અને જથ્થા માટે વાનગીઓની યાદીની વ્યવસ્થા વગેરે માટે વખતોવખત કમિટીની સલાહ લેવી.

**૩૩. આશ્રયસ્થાનો આરામગૃહો અને ભોજનગૃહો કલમ ૪૭ :** જેમાં સામાન્ય રીતે ૧૫૦ કરતાં વધારે કામદારો રાખેલા હોય તેવા દરેક કારખાનામાં કામદારોના ઉપયોગ માટે પુરતાં અને યોગ્ય આશ્રયસ્થાનો અથવા આરામગૃહો અને એક યોગ્ય ભોજનગૃહ જેમાં પીવાના પાણીની જોગવાઈ હોય અને જ્યાં કામદારો પોતાની સાથે લાવેલું ખાણું ખાઈ શકે, તે પુરા પાડવા અને નિભાવવા.

**૩૪. બાળગ્રહો-કલમ ૪૮ અને નિયમો :** જેમાં સામાન્ય રીતે ૩૦ કરતાં વધારે સ્ત્રી કામદારો કામે રાખેલી હોય તેવા દરેક કારખાનામાં તેવી સ્ત્રીઓના છ વર્ષની અંદરના બાળકોના ઉપયોગ માટે એક યોગ્ય ઓરડો અથવા ઓરડાઓ પુરા પાડવા અને નિભાવવા આ બાળગૃહ પુરતા ફરનીચરવાળું અને સાધનસામગ્રીવાળું હોવું જોઈએ, અને ખાસ કરીને તેમાં દરેક બાળક માટે જરૂરી બીછાના સહિત યોગ્ય પલંગ અથવા પારણુ હોવું જોઈએ બાળકની માતા તેને પયપાન કરાવતી હોય અથવા તેના ઉપર ધ્યાન આપતી હોય ત્યારે તેના ઉપયોગ માટે ઓછામાં ઓછી એક ખુરશી અથવા તેના જેવી બીજી બેસવાની સગવડ હોવી જોઈએ અને મોટા બાળકો માટે પુરતા પ્રમાણમાં રમકડાં પુરાં પાડવા જોઈશે.

બાળકોને સ્નાન કરાવવા અને તેમનાં કપડાં માટે બાળગૃહમાં અથવા તેની નજીક એક યોગ્ય ધોવા માટેનો ઓરડો હોવો જોઈએ. બાળક જ્યારે બાળગૃહમાં હોય ત્યારે તેને પુરતા પ્રમાણમાં સ્વચ્છ કપડાં સાબુ અને સ્વચ્છ ટુવાલો મળી શકે એમ કરવું જોઈએ. બાળગૃહમાં જે દિવસે બાળકને રાખવામાં આવે તે દરેક દિવસે દરેક બાળક માટે ઓછામાં ઓછું ૨૮૪-૧ મીલીલીટર ચોખ્ખું દુધ મળી શકશે અને આવા બાળકોની માતાને તેના દરરોજના ક્રમ દરમિયાન બાળકને પયપાન કરવવા માટે યોગ્ય સમય આપવો જોઈએ. બે વર્ષની ઉપરની વયના બાળકો માટે વધુમાં વધુ આરોગ્ય પ્રદ નાસ્તો પૂરો પાડવો જોઈએ મોટા બાળકો માટે પુરતી વાડવાળા અને છાંયડાવાળા ખુલ્લા ક્રીડાંગણની પણ જોગવાઈ કરવી જોઈએ.

**૩૫. કલ્યાણ અધિકારીઓ-કલમ ૪૯ :** જેમાં સામાન્ય રીતે ૫૦૦ અથવા વધારે કામદારો કામે રાખેલા હોય તેવા દરેક કારખાનામાં કારખાનાના કબજેદારે ઠરાવવામાં આવે તેટલા કલ્યાણ અધિકારીઓ કારખાનામાં નોકરીએ રાખવાં.



J L Desai Associates Mo. No.: 8000818111

## ખાસ જોગવાઈઓ

**૩૬. જોખમકરક કામો-કલમ ૮૭ અને નિયમોઃ** જોખમકારક કામો તરીકે જાહેર કરેલા કેટલાક કામો ઉપર સ્ત્રીઓ, તરૂણો અને બાળકોને કામે રાખવાનો પ્રતિબંધ કરવામાં આવ્યો છે અથવા તેના ઉપર નિયંત્રણ મુકવામાં આવ્યું છે. દા.ત.,

(૧) વાતપુર્ણ પાણી (એરેટેડ વોટર)ની બનાવટ અને તેની આનુષંગિક પ્રક્રિયાઓ

(૨) ક્રોમિક એસિડ અથવા બીજા ક્રોમિયમ સંયોજનો ધરાવતા ઈલેકટ્રેલીટ (વીજ દ્રાવણ)ના ઉપયોગથી ધાતુની ચીજોને ઈલેકટ્રોલીટી પ્લેટિંગ અથવા ઓકસીડેષન (ભસ્મીકરણ) કરવાનું કામ.

(૩) વિદ્યુત સંગ્રાહક (ઈલેકટ્રીક એક્યુમ્યુલેટર)ની બનાવટ અને મરામત

(૪) કાચની બનાવટ

(૫) ધાતુઓને ઘસવા (ગ્રાઈન્ડીંગ) અથવા ઓપ આપવાનું કામ (ગ્લેઝીંગ),

(૬) સીસાં અને સીસાનાં અમુક સંયોજનોની બનાવટ અને તેની ક્રિયા,

(૭) પેટ્રોલીયમ અધિનિયમ, ૧૯૩૪ની કલમ ૨ના ખંડ(ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના જોખમકારક પેટ્રોલીયમથી ગેસ ઉત્પન્ન કરવાનું કામ.

(૮) રેતીની ધારથી, ધાતુના પ્રહારથી અથવા ગ્રીટથી અથવા બીજા ઘર્ષકોને સંકોચાયેલી હવા અથવા વરાળના જોરથી ચલાવીને વસ્તુઓને સાફ કરવાનું અથવા લીસી કરવાનું કમ,

(૯) કાચા ખાલ અને ચામડાઓને ચુનો કરવાનું (લાઈમીંગ) અને તે કમાવવાનું કામ અને તેની આનુષાંગિક પ્રક્રિયાઓ,

(૧૦) ક્રોમિક એસિડની બનાવટ અથવા બ્રાઈકોમેટ ઓફ સોડિયમ અથવા પોટેશિયમ અથવા અમોનિયમ બનાવટ અથવા તેની પુનઃપ્રાપ્તિનું કામ

(૧૧) નાઈટ્રો અથવા એમિનો સંયોજનોનું સંમિશ્રણ,

(૧૨) એસીડ અથવા આલ્કલીનું સંમિશ્રણ,

(૧૩) ચલચિત્ર ફીલ્મ અને એસીટોન, ટેસકલોરથેન અને બીજી નશો ઉત્પન્ન કરનારા અને જવાલાગ્રાહી દ્રાવકોમાંથી બંગડીઓ અને બીજી ચીજો બનાવવાનું કામ.

(૧૪) કાર્બડાયસલ્ફાઈડ અને હાઈડ્રોજન સલ્ફાઈડ બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં અથવા તેના ઉત્પાદનમાં વપરાતી પ્રક્રિયા અને

(૧૫) જોખમકારક જંતુનાશક દવાઓનું ઉત્પાદન અને સંમિશ્રણ

**૩૭. અકસ્માતોની નોટિસ-કલમ ૮૮ અને નિયમો :** કોઈ કારખાનામાં કોઈ અકસ્માત થાય અને પરિણામે મરણ નીપજે અથવા એવી શારીરિક ઈજા થાય કે જેને



કારણે કોઈ ઈજા પામેલી વ્યક્તિ તે અકસ્માત થયા પછી તરતના ૪૮ કે તેથી વધારે કલાક સુધી કામ પર આવી શકે નહિ અથવા ત અકસ્માતથી શારીરિક ઈજા અથવા અપંગતા આવી ન હોય તે છતાં તે નીચેના પ્રકારો પૈકી કોઈ એક પ્રકારનો હોય તો કારખાનાના મેનેજરે આ બાબતની નોટિસ તરત જ મુખ્ય ઈન્સ્પેકટરને મોકલવી :-

(૧) ભારત બોઈલર અધિનિયમની મર્યાદામાં આવી જતા હોય તેવા પ્લાન્ટ સિવાયના બીજા હવાના દબાણ કરતા વધારે દબાણવાળી વરાળ રાખવા માટે વપરાતા પાત્રનું ફાટવું ;

(૨) ક્રેન, ડેરિક વીંચ, ઉચ્ચાલન યંત્ર (હોઈસ્ટ) અથવા વ્યક્તિઓને અથવા માલને ઉંચકવા અથવા નીચે ઉતારવા માટે વપરાતાં બાજા સાધનો અથવા તેનો કોઈ ભાગ તુટી પડવો અથવા નિષ્ફળ જવો, ક્રેન ઉંધો પડી જવો;

(૩) વ્યક્તિઓને કામે રાખવામાં આવી હોય તેવા કોઈ ઓરડા અથવા જગાને નુકશાન કરતો ધડાકો અથવા આગ અથવા કોટન ઓપનર વપરાશમાં હોય ત્યારે રૂની ગાંસડી બાંધવાના કારખાનાઓના ઓરડામાં આગ;

(૪) કોઈ ગેસ અથવા ગેસો (હવા સહિત) અથવ ગેસના સંકોચનમાંથી ઉત્પન્ન થતા કંઈપણ પ્રવાહી અથવ ધન પદાર્થને હવાના દબાણ કરતાં વધારે દબાણ પર સંગ્રહ કરવા માટે વપરાતા રીસીવર અથવા પાત્રનો ધડાકો;

(૫) કારખાનાનો ભાગ હોય તેવા અથવા કારખાનાના કમ્પાઉંડ અથવા આંગણાની અંદર હોય તેવું ભોયતળિયું, ગેલેરી, છાપરું, પુલ, ટનલ, ચીમની, દીવાલ અથવા મકાનનું તુટી પડવું અથવા બેસી જવું.

અકસ્માત જીવલેણ હોય અથવા જીવલેણ થવાનો સંભવ હોય તેવા ગંભીર પ્રકારનો હોય તો તેની નોટિસ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા સબ-ડિવિઝનલ ઓફિસરને અને નજીકમાં નજીકના પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીને પણ મોકલવી.

**૩૮. કેટલાક રોગોની નોટિસ-કલમ ૮૯ અને નિયમો :** કારખાનામાં કોઈ કામદારને ત્રીજી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલો કોઈ રોગ લાગું પડે ત્યારે કારખાનાના મેનેજરે તરત જ તે બાબતની નોટિસ મુખ્ય ઈન્સ્પેકટરને અને પ્રમાણપત્ર આપનાર સર્જન એ બંનેને મોકલવી.

દા.ત., સીસું, ફોસ્ફરસ, મરક્યુરી, મેંગેનીઝ, આરસોનિક, કાર્બન બાઈસલ્ફાઈડ અથવા બેન્ઝીનનું ઝેર ચઢવાનો અથવા નાઈટ્રસના ધુમાડાથી અથવા હેલોજન અથવા આલ્ફેટિક સિરીઝના હાઈડ્રો કાર્બનના હેલોજન ડેરિવેટિવથી ઝેર ચઢવાનો અથવા કોમ અલ્સરેશન એન્થર્કસ. સીલીકોસીસ, ટોકસીક અનીમીયા, ટોકસીક જોન્ડિસ, ચામડીના



પ્રાયમરી ઓપ્ટેલિઓમેટસ કેન્સર અથવા રેડિયમ અથવા બીજા રેડિયો એકટીવ પદાર્થ અથવા એકસરેને લીધે પેથોલોજીક મેનીફેસ્ટેશન્સ.

**૩૯. સગવડો અને સાધનો અંગે કંઈ ખર્ચ લેવો નહિ-કલમ ૧૧૪ :** કોઈ કામદાર પાસેથી આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કબજેદારે કરવાની કોઈ વ્યવસ્થા અથવા સગવડના સંબંધમાં અથવા તેણે પુરી પાડવાની કોઈ સામગ્રી કે સાધનના સંબંધમાં કોઈ ફી અથવા ખર્ચ વસુલ કરવો નહિ.

**૪૦. ઈન્સ્પેકટરની સત્તા-કલમ ૯ અન ૮૨ :** ઈન્સ્પેકટરોને કોઈ સમયે કારખાનાની તપાસ કરવાની સતા છે એને તે આ અધિનિયમ અને નિયમો મુજબ ઠરાવેલા રજિસ્ટરો, પ્રમાણપત્ર વગેરે રજુ કરવાનું ફરમાવી શકશે.

કોઈ ઈન્સ્પેકટર, કામે રાખનારે વેતન સહિતની રજાને લગતી જોગવાઈઓ મુજબ જે કોઈ રકમ આપવાની જરૂર હોય તો તેણે ચુકવી ન હોય તો તે વસુલ કરવા માટે કોઈ કામદારના વતી કાર્યવાહી કરી શકશે.

**૪૧. કામદારની ફરજો-કલમ ૯૭ અને ૧૧૧ :** કારખાનામાંના કોઈ પણ કામદારે--

(૧) તેમાનાં કામદારોની તંદુરસ્તી, સલામતી અથવા કલ્યાણ સાધવાના હેતુ માટે કારખાનામાં જોગવાઈ કરેલા કોઈ સાધન, સગવડ અથવા બીજી કોઈ વસ્તુને જાણીબુઝીને દખલગીરી કરવી નહિ અથવા તેનો દુરુપયોગ કરવો નહિ.

(૨) તેને અથવા બીજા કોઈને નુકસાન થવાનો સંભવ હોય તેવું કંઈપણ કૃત્ય જાણીબુઝીને અથવા યોગ્ય કારણ સિવાય કરવું નહિ; અને

(૩) તેમાંના કામદારોની તંદુરસ્તી અથવા સલામતી સાધવાના હેતુ માટે કારખાનામાં જોગવાઈ કરેલા કોઈ સાધન અથવા બીજી કોઈ વસ્તુનો ઉપયોગ કરવામાં જાણીબુઝીને બેદરકારી રાખવી નહિય

કારખાનામાં કામે રાખેલો કોઈ કામદાર આ જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈનું અથવા તે હેઠળ કરેલો કોઈ નિયમ અથવા હુકમનું ઉલ્લંઘન કરે તો તે ત્રણ મહિના સુધીની કેદની અથવા ૧૦૦ રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

કારખાનામાં કામે રાખેલો કોઈ કામદાર, કામદારો પર કોઈ ફરજ અથવા જવાબદારી નાખતી આ અધિનિયમની કોઈ જોગવાઈ અથવા તે મુજબ કરેલા કોઈ નિયમો અથવા હુકમોનું ઉલ્લંઘન કરે તો તે ૫૦૦ રૂપિયા દંડની શિક્ષાને પાત્ર થશે.

**૪૨. યોગ્યતાનું પ્રમાણપત્ર-કલમો ૬૮, ૭૦ અને ૯૮ :** જે કોઈ બાળકની ઉંમર ચૌદ વર્ષની પુરી થઈ હોય તેને અથવા કોઈ તરૂણ વ્યક્તિને કોઈ કારખાનામાં કામ કરવાની ફરજ પાડવી નહિ અથવા કામ કરવા દેવું નહિ સિવાય કે તેને લગતું આપેલું યોગ્યતાનું પ્રમાણપત્ર તે કારખાનાના મેનેજરની કસ્ટડીમાં હોય અને તેવું બાળક અથવા તરૂણ વ્યક્તિ કામ પર હોય ત્યારે એવા પ્રમાણપત્રને લગતો ટોકન તેની પાસે હોય, આવા પ્રમાણપત્ર માટે આપવા યોગ્ય કોઈ ફી કબજેદારે આપવી અને તે નાની વયની વ્યક્તિ પાસેથી, તેના



માતાપિતા પાસેથી અથવા તેના વાલી પાસેથી વસુલ કરવી નહિ.

જે તરૂણ વ્યક્તિને પુખ્ત વયની વ્યક્તિ તરીકે કારખાનામાં કામ કરવાને યોગ્યતાનું પ્રમાણપત્ર આપ્યું હોય અને પોતાની પાસે કરખાનામાં કામ ઉપર હોય ત્યારે તે પ્રમાણપત્રને લગતો ટોકન રાખતી હોય, તેને પુખ્ત વયની વ્યક્તિઓના કામના કલાકો અને નાની વયની વ્યક્તિઓને કામે રાખતા બાબતને લગતી અધિનિયમની જોગવાઈઓના તમામ હેતુઓ સારૂ પુખ્ત વયનાં વ્યક્તિ તરીકે ગણવી જે તરૂણની ઉંમર સત્તર વર્ષની ન હેથઈ હોય, તેવા કોઈ તરૂણને કોઈ કારખાનામાં રાત્રી દરમિયાન કામ કરવા માટે નોકરીએ રાખવો નહિ અને અથવા કામ કરવાની પરવાનગી આપવી નહિ. અને આ હેતુ સારૂ "રાત્રી" એટલે ઓછામાં ઓછા બાર લાગલગાટ કલાકોની મુદત અને તે મુદતમાં રાત્રીના ૧૦ થી સવારના ૭ની વચ્ચે આવતાં ઓછામાં ઓછા સાત લાગલગાટ કલાકોના ગાળાનો સમાવેશ થશે *જે તરૂણ વ્યક્તિને પુખ્ત વયની વ્યક્તિ તરીકે કારખાનામાં કામ કરવાને યોગ્યતાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હોય, તેને તેની ગમે તે ઉંમર હોય છતાં, તે અધિનિયમના તમામ હેતુઓ સારૂ બાળક તરીકે ગણવો.

જે કોઈ વ્યક્તિ બીજા તરૂણને કારખાનામાં પુખ્ત વયની વ્યક્તિ તરીકે કામ કરવા માટે આપેલા પ્રમાણપત્રને પોતાને આપેલા પ્રમાણપત્ર તરીકે જાણીબુજીને ઉપયોગ કરશે અથવા ઉપયોગ કરવાનો પ્રયત્ન કરશે અથવા જે કોઈ વ્યક્તિ આવું પ્રમાણપત્ર મેળવ્યા પછી બીજી વ્યક્તિને જાણીબુજીને તેનો ઉપયોગ કરવા દેશે અથવા ઉપયોગ કરવાનો પ્રયત્ન કરવા દેશે તે વ્યક્તિ બે મહિના સુધીની કેદની અથવા ૧૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

**૪૩. રજીસ્ટરો, નોટિસો અને પત્રકો-કલમો ૬૧, ૬૩, ૭૨, ૭૪, ૭૯, ૮૦ અને ૧૧૦ :** દરેક કારખાનાના મેનેજર ઠરાવેલા નમુના નં.૧૫ પ્રમાણે પુખ્ત ઉંમરના કામદારોનું એક રજીસ્ટર અને ઠરાવેલા નમુના નંબર ૧૭ પ્રમાણે બાળક કામદારોનું રજીસ્ટર નિભાવવું.

દરેક કારખાનામાં પુખ્ત વયની વ્યક્તિઓના કામ કરવાના સમયની નોટિસ કરાવેલા નનુના નં. ૧૪ અને ૧૬ પ્રમાણે બરાબર રીતે નિભાવવી અને પ્રદર્શિત કરવી. કોઈ પુખ્ત વયના કામદારને અથવા કોઈ બાળક કામદારને કારખાનામાં પ્રદર્શિત કરેલી કામ કરવાના સમયની પોતપોતાને લગતી નોટિસો અનુસાર હોય તે સિવાય બીજી રીતે કોઈ કારખાનામાં કામ કરવાનું ફરમાવવું નહિ અથવા કરવા દેવું નહિ.

કારખાના માલિકો, કબજેદારો અથવા મેનેજરોએ ઈન્સ્પેકટરને ઠરાવેલા સામયિક પત્રકો નિયમિત રીતે સાદર કરવાં.

——— * ——— * ——— * ———



J L Desai Associates Mo. No.: 8000818111